📜 આવેદનપત્ર

પ્રતિશ્રી,
માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

# વિષય : ધોરણ 1 થી 5 શિક્ષકોની તાત્કાલિક ભરતી કરવા અંગે.

માનનીય મુખ્યમંત્રીશ્રી,

ગુજરાત રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ધોરણ 1 થી 5 ને ભવિષ્યની પાયો તરીકે માનવામાં આવે છે છતાં સરકાર દ્વારા જાહેર કરાયેલા ભરતી કેલેન્ડર મુજબ 2025માં 7,500 અને 2026માં 6,000 શિક્ષકોની જરૂરિયાત દર્શાવવામાં આવી છે તથા 2024ની ભરતીમાં પણ 1,500 જેટલી જગ્યાઓ ખાલી રહી ગઈ છે. આમ કુલ મળીને વર્તમાન શૈક્ષણિક પરિસ્થિતિ મુજબ રાજ્યને આશરે **15,000** પ્રાથમિક શિક્ષકોની તાત્કાલિક જરૂર છે. આ જ અભાવને પૂરો કરવા માટે ગત વર્ષે સરકાર દ્વારા સમયસર TET-1 પરીક્ષા જાહેર કરી ટૂંકા ગાળામાં પારદર્શક રીતે પરીક્ષા લીધી અને સમયસર Answer Key મૂકી અને Record Speedમાં પરિણામ જાહેર કર્યું - જે માટે રાજ્ય પરીક્ષા બોર્ડ ખરેખર અભિનંદનને પાત્ર છે.

પરંતુ આજે જ્યારે પરીક્ષા પારદર્શક રીતે પૂર્ણ થઈ ગઈ છે અને 11,000થી વધુ ઉમેદવારો TET-1 પરીક્ષામાં પાસ થઈ ચૂક્યા છે ત્યારે પાંચ વર્ષના કરાર આધારિત વિદ્યાસહાયકની ભરતી અંગે સરકાર તરફથી જાહેરાત ન આવતા લાયક ઉમેદવારો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમગ્ર શિક્ષણ સમાજમાં પ્રશ્નો ઊભા થયા છે. તાજેતરમાં TAT-1 અને TAT-2ની પરીક્ષા માધ્યમિક તથા ઉચ્ચતર શાળાઓ માટે જાહેર થઈ છે જ્યારે કચ્છ જિલ્લાના માધ્યમિક શિક્ષણ અધિકારી દ્વારા વર્તમાનપત્રોમાં જણાવ્યા મુજબ ધોરણ 9 થી 12માં હાલ કોઈ જગ્યાઓ ખાલી નથી. તેવા સંજોગોમાં TAT પરીક્ષા આવકાર્ય છે પરંતુ ગુજરાતની પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થાની સૌથી ગંભીર સમસ્યા - ધોરણ **1** થી **5** માં શિક્ષકની મોટી ખાધ - હજી યથાવત છે.

ગુજરાત સરકારે સ્વયં જાહેર કર્યું છે કે આગામી 10 વર્ષમાં 60,000 જેટલા શિક્ષકો નિવૃત થવાના કારણે નવી ભરતી થનાર છે. આટલી મોટી નિવૃત્તિની પૃષ્ઠભૂમિમાં તાત્કાલિક ભરતી ન થાય તો ગ્રામ્ય વિસ્તારોની શાળાઓમાં સ્ટાફનું ગંભીર સંકટ ઊભું થઈ શકે છે. હાલના 90,000 જેટલા PTC/DELED વિદ્યાર્થીઓ આગામી TET-1 માટે રાહ જોય રહ્યાં છે. ગયા વર્ષની Answer Key બાબતે કોર્ટ સુધી જવું પડ્યું હોવાથી જો સરકાર આગામી TET-1 પરીક્ષાની જાહેરાત અગાઉથી કરી દે તો આ ઉમેદવારો યોગ્ય તૈયારી કરી શકે અને સ્પષ્ટ, વિવાદરહિત, ગુણવત્તાસભર પ્રશ્નપત્ર તૈયાર કરવાનો પૂરતો સમય પણ પરીક્ષા બોર્ડને મળશે.

આ સાથે ભારતના શિક્ષણ ક્ષેત્રે પ્રથમ સ્થાન ધરાવતા કેરળ રાજ્યએ તાજેતરમાં ધોરણ 12 સુધીનું શિક્ષણ મફત કરવાની જાહેરાત કરી છે જ્યારે ભારતનું ઔદ્યોગિક હબ ગણાતા સમૃદ્ધ ગુજરાતમાં આજે પણ ધોરણ 1 થી 5 માં 15,000 જેટલી જગ્યાઓ ખાલી છે – જે ભાવિ પેઢીને મજબૂત બનાવવાનો પાયો કમજોર કરે છે. આગામી મહીનાઓમાં મતદાર યાદી સુધારણા અને વસ્તી ગણતરી જેવી મહત્વપૂર્ણ સરકારની કામગીરી શરૂ થવાની છે; જેમાં મોટાભાગે પ્રાથમિક શિક્ષકોની જ નિમણૂંક થાય છે. હાલમાં જ આ ભરતી કરી દેવાય તો વેકેશન દરમિયાન તાલીમ મેળવી ને યુવા, ક્ષમતા ધરાવતા નવા શિક્ષકો મતદાર યાદી-વસ્તી ગણતરી કાર્યમાં મહત્વપૂર્ણ ફાળો આપી શકે છે. સાથે સાથે નિવૃત્તિને નજીક શિક્ષકો પરનો ભાર ઘટશે અને ભવિષ્યમાં હડતાલોની શક્યતા પણ ઘટશે.

માનનીય ભુપેન્દ્રભાઈ પટેલસાહેબ, આપ મૃદુ સ્વભાવ, કાર્યદક્ષતા અને ઝડપી નિર્ણયક્ષમતા માટે જાણીતા છો. ગત વર્ષે TET-1 પરીક્ષા લીધી તે જ ઝડપ અને પારદર્શક કામગીરી હવે વિદ્યાસહાયકની તાત્કાલિક ભરતીમાં પણ જરૂરી છે. હાલમાં પરીક્ષા બોર્ડના અધ્યક્ષ પાસે શિક્ષણ ખાતાનો વધારાનો ચાર્જ છે તો તેમનો અનુભવ અને વ્યવસ્થાપન ક્ષમતા આ ભરતી પ્રક્રિયામાં ઉપયોગી થાય તો ગુજરાત પ્રાથમિક શિક્ષણની મોટી ખાધ પુરાઈ શકે છે.

અમે વિદ્યાર્થીઓ, વાલીઓ અને સમાજની વતી વિનંતી કરીએ છીએ કે ધોરણ 1 થી 5 માટે ઓછામાં ઓછા **10,000** વિદ્યાસહાયકની ભરતીની જાહેરાત તાત્કાલિક કરવામાં આવે તથા આગામી TET-1 પરીક્ષાની પણ આયોજનબદ્ધ જાહેરાત કરી દેવામાં આવે જેથી રાજ્યના પ્રાથમિક શિક્ષણના પાયા મજબૂત બની શકે અને ગુજરાત ફરી એકવાર શૈક્ષણિક પ્રગતિમાં આગળ વધી શકે.

અમે ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સ્ત્રી કેળવણી પ્રત્યેની લાગણીને પણ આ તબ્બકે યાદ કરીએ છીએ. જેઓ હંમેશા તેમની તમામ બહેનોના મોટાભાઈ તરીકે સહકાર આપતા રહ્યા છે. તેમની આ લાગણીને ધ્યાનમાં રાખીને TET 1 પાસ ઉમેદવારોને શિક્ષક બનવાની તક આપીને માનવતાવાદી અભિગમ અપનાવવામાં આવે તે સમયની માંગ છે. સરકાર આ યુવાનોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને ત્વરિત અને સકારાત્મક નિર્ણય લે તેવી આશા રાખીએ છીએ.

આપની વિશ્વાસુ,

*Titixa Thacker*

(તિતિક્ષાબેન પ્રકાશચંદ્ર ઠક્કર)
પ્રમુખ, રતાડીયા જલારામ સખી મંડળ,
તા. મુંદરા -કચ્છ, ગુજરાત. 370410
તારીખ: 16/02/2026
મોબાઈલ : 9426244508